# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના કાલિયાબોર ખાતે કાઝીરંગા એલિવેટેડ કોરિડોર પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો – બે નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનનો લીલીઝંડી આપી
2. પ્રધાનમંત્રી આજે પશ્ચિમ બંગાળમાં ૮૩૦ કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે - ત્રણ નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી આપશે
3. કેન્દ્ર સરકારે પંજાબમાં સરહદ સુરક્ષા વાડને આંતરરાષ્ટ્રીય સરહદની નજીક ખસેડવા સૈદ્ધાંતિક મંજૂરી આપી
4. દિલ્હીમાં હવાની ગુણવત્તા ખરાબ શ્રેણીમાં પહોંચતા તાત્કાલિક અસરથી ગ્રેપ-4 લાગુ કરાયો
5. પુરુષ ક્રિકેટમાં, ભારત – ન્યૂઝીલેન્ડ વચ્ચે શ્રેણીની અંતિમ મેચ થોડીવારમાં શરૂ થશે

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM-ASSAM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આસામના નાગાંવ જિલ્લાના કાલિયાબોર ખાતે 6 હજાર 950 કરોડ રૂપિયાથી વધુના કાઝીરંગા એલિવેટેડ કોરિડોર પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. 86 કિલોમીટર લાંબો આ કોરિડોર પ્રોજેક્ટ પર્યાવરણને સાનુકૂળ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ છે. તેમાં 35 કિલોમીટર લાંબો એલિવેટેડ વાઇલ્ડલાઇફ કોરિડોર હશે જે કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી પસાર થશે.

પ્રધાનમંત્રીએ બે નવી અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનને પણ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. જેમાં કામાખ્યા-રોહતક અમૃત ભારત એક્સપ્રેસ અને ડિબ્રુગઢ-લખનૌ (ગોમતી નગર) અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનનો સમાવેશ થાય છે.

તેમણે જણાવ્યુ કે આ નવી પરિયોજનાઓ આસામના લોકો માટે સમૃદ્ધિના દ્વાર ખોલશે.

(BYTE - FINAL--PM-ON-CORRIDOR)

શ્રી મોદીએ કહ્યું કે કાઝીરંગા માત્ર એક રાષ્ટ્રીય ઉદ્યાન નથી પરંતુ આસામનો આત્મા છે.

(BYTE- PM-UNESCO)

. . . . . . .

# PM -WB-PROJECT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના સિંગુર ખાતે લગભગ 830 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ બાલાગઢ ખાતે વિસ્તૃત પોર્ટ ગેટ સિસ્ટમનો શિલાન્યાસ કરશે.

આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય ભારે કાર્ગો અવરજવરને ભીડવાળા શહેરી કોરિડોરથી દૂર કરીને કાર્ગો ખાલી કરાવવાની કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરવાનો છે. આનાથી કોલકાતા શહેરમાં માર્ગ સલામતી વધશે અને પ્રદૂષણ ઘટશે.

પ્રધાનમંત્રી જયરામબાતી-બરોગોપીનાથપુર-મયનાપુર નવી રેલ લાઇનનું ઉદ્ઘાટન કરશે અને ત્રણ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપશે. જેમાં હાવડા - આનંદ વિહાર ટર્મિનલ એક્સપ્રેસ, સિયાલદહ-બનારસ એક્સપ્રેસ અને સંતરાગાછી - તાંબરમ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેનનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . .

# PUNJAB---BORDER-FENCING

કેન્દ્ર સરકારે પંજાબમાં સરહદ સુરક્ષા વાડને આંતરરાષ્ટ્રીય સરહદની નજીક ખસેડવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આનાથી હાલમાં વાડની બહાર આવતી હજારો એકર ખેતીની જમીનમાં અવરોધ વિના ખેતીનો માર્ગ મોકળો થશે , જેનાથી પંજાબના સરહદી પટ્ટાના ખેડૂતોને મોટી રાહત મળશે. હાલમાં , સરહદ પર તેમની હજારો એકર જમીન ખેડતા સેંકડો ખેડૂતોને સુરક્ષા કારણોસર સરહદ સુરક્ષા દળ - BSFની કડક દેખરેખ હેઠળ મર્યાદિત સમય માટે વાડ પાર કરવી પડે છે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ગઈકાલે આ મુદ્દે ચર્ચા કરવા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા હતા.

. . . . . .

# PM VISHWAKARMA HAAT

કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી જીતન રામ માંઝીએ આજે નવી દિલ્હીમાં પીએમ વિશ્વકર્મા હાટ 2026નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે મંત્રીશ્રીએ કારીગરો અને પ્રદર્શકો સાથે વાતચીત પણ કરી.

આ પ્રદર્શનનો ઉદ્દેશ્ય કારીગરોને તેમના હસ્તકલા ઉત્પાદનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખરીદદારો , હિસ્સેદારો અને સામાન્ય જનતા સમક્ષ પ્રદર્શિત કરવા અને માર્કેટિંગ કરવા માટે એક અગ્રણી પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

દેશભરના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 100 થી વધુ કારીગરો આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. આ કાર્યક્રમ આ મહિનાની 31મી તારીખ સુધી ચાલુ રહેશે.

. . . . . . . . .

# UP - FIR

ઉત્તર પ્રદેશમાં, પોલીસે વારાણસીમાં મણિકર્ણિકા ઘાટના પુન:નિર્માણ કાર્ય સંબંધિત સોશિયલ મીડિયા પર ગેરમાર્ગે દોરતી સામગ્રી ફેલાવવાના આરોપમાં 8 અલગ અલગ FIR નોંધી છે.

મણિકર્ણિકા ઘાટ પર માળખાકીય સુવિધાઓને મજબૂત બનાવવા અને સૌંદરીકરણ કાર્ય હાથ ધરવા રોકાયેલી બાંધકામ એજન્સી દ્વારા પોલીસ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી. જોકે અત્યાર સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી.

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . .

# MAHARASHTRA ACCIDENT

મહારાષ્ટ્રમાં, સોલાપુર-પુણે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મોહોલ નજીક એક માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે અને એક મહિલા ઘાયલ થઈ છે. ગત મોડી રાત્રે એક કારે કાબુ ગુમાવતાં ઝાડ સાથે અથડાવાથી આ અકસ્માત થયો હતો. વધુ તપાસ ચાલુ છે.

. . . . . . . . .

# REV.-CAQM-GRAP-4

વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન પંચે દિલ્હી- ncr અને આસપાસના વિસ્તારોમાં તાત્કાલિક અસરથી ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન -ગ્રેપના ચોથા તબક્કાને લાગુ કર્યો છે. ગઈકાલે દિલ્હીનો હવા ગુણવત્તા સૂચકાંક 400ને પાર જતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

જેમાં પ્રતિબંધો હેઠળ , આવશ્યક સેવાઓ પૂરી પાડતા વાહનો સિવાય, દિલ્હીમાં BS-4 ટ્રકના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે . ગ્રેપના એક, બે અને ત્રણ તબક્કા હેઠળના તમામ પગલાં અમલમાં રહેશે.

. . . . . . . . .

# UP - MAUNI AMAVASYA

દેશભરમાં મૌની અમાવસ્યા નિમિત્તે શ્રદ્ધાળુઓ નદીઓમાં પવિત્ર સ્નાન કરી રહ્યા છે. પ્રયાગરાજના સંગમ ખાતે યોજાતા માઘ મેળાના વાર્ષિક ધાર્મિક કાર્યક્રમનું આ ત્રીજું મહત્વપૂર્ણ સ્નાન પણ છે.

***સાંભળીએ એક અહેવાલ:***

(V/C - DEEPMALA-HINDI-WITH-MUSIC)

. . . . . .

# CRICKET--IND-vs-NZ

પુરુષ ક્રિકેટમાં , ઇન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે શ્રેણીની અંતિમ મેચ થોડીવારમાં શરૂ થશે. ભારતે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

વર્તમાન શ્રેણી 1-1થી બરાબર છે , જેમાં ભારતે પહેલી અને ન્યુઝીલેન્ડે બીજી મેચ જીતી હતી.

. . . . . . . .

# POWER-POSITIVE PAT

દેશની વીજ વિતરણ કંપનીઓએ વર્ષ 2024-25 માં 2 હજાર 701 કરોડ રૂપિયાનો સકારાત્મક કર પછીનો નફો - PAT નોંધાવ્યો છે. વીજ મંત્રાલયે જણાવ્યુ કે આ સકારાત્મક નફો વર્ષ 2013-14 માં 67 હજાર 962 કરોડ રૂપિયાના નુકસાન કરતાં નોંધપાત્ર સુધારો દર્શાવે છે.

આ અંગે કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલે કહ્યું કે આ સિદ્ધિ વીજ વિતરણ ક્ષેત્ર માટે એક નવો અધ્યાય છે અને સમસ્યાઓના નિરાકરણ માટે લેવામાં આવેલા અનેક પગલાંનું પરિણામ છે. તેમણે કહ્યું કે સરકાર આ ક્ષેત્રમાં જરૂરી સુધારાઓ લાગુ કરવા માટે પ્રતિબદ્ધ છે જેથી વીજ ક્ષેત્ર દેશના વિકસતા અર્થતંત્રમાં યોગદાન આપી શકે અને વિકસિત ભારત તરફની યાત્રામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે.

. . . . . .

# NASA - MOON MISSION

નાસાએ તેના શક્તિશાળી ન્યૂ મૂન રોકેટને લોન્ચ પેડ પર પહોંચાડ્યું છે. 50 વર્ષથી વધુ સમયમાં પ્રથમ માનવયુક્ત ચંદ્ર ફ્લાય-અરાઉન્ડ મિશન માટેની તૈયારીઓ ઝડપી બની છે. 322 ફૂટ ઊંચા સ્પેસ લોન્ચ સિસ્ટમ (SLS) રોકેટને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ પેડ પર લઈ જવામાં આવ્યું હતું.

આ મિશનમાં ચાર અવકાશયાત્રીઓ ચંદ્રની આસપાસ જશે અને લગભગ 10 દિવસની મુસાફરી પછી પૃથ્વી પર પાછા ફરશે. આ મિશન ફેબ્રુઆરીની શરૂઆતમાં લોન્ચ થશે. ક્રૂમાં નાસાના ત્રણ અવકાશયાત્રીઓ અને એક કેનેડિયન અવકાશયાત્રીનો સમાવેશ થાય છે. નાસા ફેબ્રુઆરીની શરૂઆતમાં ઇંધણ પરીક્ષણ કરશે, જેના પછી સત્તાવાર લોન્ચ તારીખ નક્કી કરવામાં આવશે.

. . . .

# TRUMP - IRAN LEADERSHIP

અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના 37 વર્ષના શાસનનો અંત લાવવા હાકલ કરી છે.

શ્રી ટ્રમ્પે એક અમેરીકી સમાચાર ચેનલને જણાવ્યું હતું કે , ઈરાનના ઇસ્લામિક રિપબ્લિક વિરુદ્ધ અઠવાડિયાના વિરોધ પ્રદર્શનો પછી , દેશમાં નવું નેતૃત્વ શોધવાનો સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે ઈરાનનું નેતૃત્વ દેશ ચલાવવા માટે દમન અને હિંસા પર આધાર રાખે છે. તેમણે દેશના વિનાશ અને હિંસા માટે ખામેનીને દોષી ઠેરવ્યા.

શ્રી ટ્રમ્પે કહ્યું કે, દેશને કાર્યરત રાખવા માટે નેતૃત્વએ પોતાના દેશને યોગ્ય રીતે ચલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને સત્તા જાળવી રાખવા માટે હજારો લોકોની હત્યા કરવા પર નહીં. ટ્રમ્પની આ ટિપ્પણી ખામેનીએ વિરોધીઓને સજા આપવાની પ્રતિજ્ઞા લીધા પછી અને તેમને દેશદ્રોહી ગણાવ્યા પછી આવી છે. ઈરાની અધિકારીઓએ વિરોધ પ્રદર્શનોને આતંકવાદી કૃત્યો ગણાવ્યા અને દાવો કર્યો કે તે અમેરિકાના કાવતરાનો ભાગ હતા.

. . . . . .